
**ગુજરાતમિત્ર**
**અપીલ વધુમાં વધુ મતદાન કરો**

# એક મતમાં શું ફેર પડશે? એવો વિચાર તમારા વિસ્તારને 5 વર્ષ વિકાસથી વંચિત રાખી શકે




ઘરેથી ન બેસો–તમારો મત તમારી પસંદના નેતાને જીતાડે છે ઘણા લોકો એવું કહેતા હોય છે કે "મારા એક મતથી શું ફરક પડશે?" પરંતુ હકીકતમાં તમારો એક મત ખૂબ મહત્વનો હોય છે. જો તમે મતદાન ન કરો તો તમે અજાણતા એવા ઉમેદવારને જીતવામાં મદદ કરો છો જેને તમે કદાચ પસંદ પણ ન કરતા હો. અંગત મતાધિકારનો ઉપયોગ કરવો એ ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી છે. તમારો મત તમારા વિસ્તારના વિકાસ, સુવિધાઓ અને આગામી પાંચ વર્ષના નિર્ણયમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## •લોકશાહીનું સરળ ગણિત સમજીએ•



**લોકશાહીના પાયાને મજબૂત કરો** । સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આપણા વિસ્તારના વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે. રસ્તા, પાણી, ગટર, લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ માટે યોગ્ય પ્રતિનિધિ પસંદ કરવો જરૂરી છે. જો આપણે 100% મતદાન નહીં કરીએ તો પછી ફરિયાદ કરવાનો નૈતિક અધિકાર પણ નબળો પડી જાય છે.

ધારો કે તમારા વિસ્તારમાં કુલ નોંધાયેલા મતદારો 1,00,000 છે. તેમાંમાંથી આશરે 50% લોકો મતદાન કરે = 50,000 મત બાકી 50,000 લોકો મતદાન કરતા નથી હવે જો ચૂંટણીમાં 3 ઉમેદવાર હોય તો મતનું વિભાજન થઇ જાય છે.

**ઉમેદવાર A : 25,000 મત**
**ઉમેદવાર B : 15,000 મત**
**ઉમેદવાર C : 10,000 મત**

અહીં ઉમેદવાર A જીતે છે, પરંતુ હકીકતમાં 75,000 લોકોએ તેને પસંદ કર્યો નથી. એટલે મતદાન ન કરનાર લોકો પણ પરિણામ પર અસર કરે છે. કડવું સત્ય ઉમેદવાર A જીત્યો પરંતુ તેને માત્ર 25,000 લોકોએ જ મત આપ્યો બાકીના 75,000 લોકોએ મત આપ્યો જ નથી અથવા બીજા ઉમેદવારને આપ્યો એટલે જો મોટા ભાગના લોકો મતદાન ન કરે તો થોડા મતથી પણ કોઈ વ્યક્તિ જીત મેળવી શકે છે અને તે આગામી ૫ વર્ષ સુધી તમારા વિસ્તારનું નેતૃત્વ કરે છે. એટલે જવાબદાર બનીને મતદાન કરી પોતાની ફરજ નિભાવવા ગુજરાત મિત્ર પરિવાર અપીલ કરે છે.

**વૃદ્ધની લાશ 5 દિવસ બાદ ઝાંડી-ઝાંખરામાંથી મળી હતી**

# કુરાલીના વૃદ્ધની લાશને થેલામાં બાંધી દીધાનો ઘટસ્ફોટ, હત્યાનું કારણ અકબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

કરજણ તાલુકાના કુરાલી ગામ નજીકથી એક વૃદ્ધની હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગુમ થયેલા વૃદ્ધની લાશ કેનાલ પાસે કોથળામાં મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે કરજણ પોલીસે મૃતદેહનું પીએમ કરાવતા વૃદ્ધની હત્યા કરાઈ હોવાનો ચોકાવનારો ઘટસ્ફોટ થયો છે.

કુરાલી ગામના રહેવાસી કનકસિંહ માનસિંહ ચૌહાણ (ઉંમર 65) તા. એપ્રિલના રોજ બપોરે આશરે 12.30 વાગ્યાથી ગુમ થયા હતા. વકીલ પુત્ર અનિરુદ્ધસિંહ ચૌહાણે કરજણ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ કરી હતી. દરમિયાન તા. 23 એપ્રિલના રોજ બપોરે લગભગ 2.30 વાગ્યે તેમની લાશ મળી આવી હતી.પ્રાથમિક



તપાસમાં બહાર આવ્યું છે કે અજાણ્યા શખ્સ દ્વારા કોઈ અગમ્ય કારણોસર વૃદ્ધની હત્યા કરવામાં આવી હતી. આરોપીએ પુરાવા નાશ કરવા માટે લાશને પ્લાસ્ટિકના કોથળામાં મુકી દૂર ફેંકી દીધી હોવાનું સામે આવ્યું છે.

મૃતકના પુત્ર અનિરૂધ્ધસિંહ કનકસિંહ ચૌહાણ (ઉંમર 34), જે વ્યવસાયે વકીલ છે, તેમની ફરિયાદના આધારે કરજણ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા કલમ 103(1) અને 238 મુજબ ગુનો નોંધાયો છે. હાલ આરોપી અજાણ્યો હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.પીઆઈ બી.એમ. પટેલે જણાવ્યુ હતુ કે કરજણ કેનાલ પાસેથી મળી આવેલી લાસની તપાસ ચાલી રહી છે, જ્યારે ઉચ્ચ અધિકારીઓ પણ દ્વારા સ્થળની મુલાકાત લઈ તપાસને સુચના આપવામાં આવી છે. પોલીસે હત્યાના કારણો તેમજ આરોપીની ઓળખ અંગે તપાસ શરૂ કરી છે. બીજી તરફ હત્યાનું કરણ જાણવા માટે પોલીસે લાશનુ પીએમ કરાવ્યું છે જોકે લાસ ડીકમ્પોઝ હાલતમાં હોવાથી હત્યાનું હજુ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ત્યારે આગામી દિવસોમાં વિસેરા લઈ ચકાસણી અર્થે મોકલાશે.આરોપીએ પુરાવા નાશ કરવા માટે મૃતદેહને પ્લાસ્ટિકના કન્તાનના કોથળામાં મુકી સંતાડવાનો પ્રયાસ કર્યો હતો.

**ગટરનો સ્લેબ તોડી 4 કલાકની ભારે જહેમત બાદ ગાયને સુરક્ષિત બહાર કાઢી**

# રણોલી GIDCની ગટરમાં ખાબકેલી ગાયને બચાવવા જેસીબી-ક્રેન લગાડાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

રણોલી જીઆઈડીસી વિસ્તારમાં વહીવટી તંત્રની બેદરકારીને કારણે ફરી એકવાર મૂંગા પશુનો જીવ જોખમમાં મુકાયો હોવાની ઘટના સામે આવી છે. રણોલી જીઆઈડીસીમાં આવેલી એક ખુલ્લી ગટરમાં ગાય અચાનક ખાબકી હતી. ગટર સાંકડી અને ઊંડી હોવાને કારણે ગાય અંદર ફસાઈ ગઈ હતી, જેના પગલે સ્થાનિક લોકોએ તેને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ સફળતા મળી ન હતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ગાય ગટરની અંદર એવી રીતે ફસાઈ હતી કે તેને સામાન્ય રીતે બહાર કાઢવી અશક્ય હતી. આખરે ફાયર ફાઈટરોએ જેસીબી મશીન મંગાવ્યું હતું અને ગટર પર રહેલા મજબૂત સ્લેબને તોડવાની



કામગીરી શરૂ કરી હતી. સ્લેબ તોડ્યા બાદ ગાય સુધી પહોંચવાનો રસ્તો થયો હતો, તેમ છતાં ગાયનું વજન વધુ હોવાથી અને ગટર ઊંડી હોવાથી તેને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. ત્યારબાદ, ભારે ક્ષમતા ધરાવતી ક્રેનની મદદ લેવામાં આવી હતી. ક્રેન વડે ગાયને પટ્ટાઓથી બાંધીને અત્યંત સાવચેતીપૂર્વક બહાર ખેંચવામાં આવી હતી. આ રેસ્ક્યુ ઓપરેશન લગભગ ચાર કલાક સુધી ચાલ્યું હતું. મધરાતે શરૂ થયેલી આ કામગીરી વહેલી સવાર સુધી ચાલી હતી અને અંતે ગાયને સહીસલામત રીતે ગટરમાંથી બહાર કાઢી લેવામાં આવી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં જીઆઈડીસી વિસ્તારમાં ખુલ્લી ગટરો અને જોખમી સ્લેબ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોકોનું કહેવું છે કે જો સમયસર રેસ્ક્યુ કરવામાં ન આવ્યું હોત તો ગાયનો જીવ જઈ શકત. તંત્ર દ્વારા આવી જોખમી ગટરો પર યોગ્ય મજબૂત ઢાંકણા મૂકવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**પાણીગેટ અને દશરથ વિસ્તારમાં રેડ કરવામાં આવી, બે વોન્ટેડ**

# ચૂંટણીને લઈ PCBનો સપાટો, બુટલેગર મહિલા-પુરુષ ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરના પાણી ગેટ તથા દશરથ વિસ્તારમાં ચાલતા દારૂના અડ્ડા પર રેડ કરીને 97 હજારના વિદેશી દારૂ સાથે રૂપિયાની કોઈને રૂ.1.52 લાખના મુદ્દામાલ સાથે મહિલા સહિત બે આરોપી ઝડપાઈ ગયા હતા.જ્યારે બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

પીસીબીના પીઆઈ જે.આર. ગામીતની સુચના હેઠળ ટીમે અલગ-અલગ વિસ્તારોમાં રેઈડ કરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ બનાવમાં પાણીગેટ વિસ્તારમાં શીતળા માતાની ગલીમાં રહેતી વિજેતાબેન કહાર મોપેડમાં દારૂ લઈ આવતી હોવાનું જાણવા મળ્યું હતું. પીસીબી પોલીસે વોચ ગોઠવી મહિલાને દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી.પીસીબીએ રૂ.15 હજારના





દારૂ અને રૂ.50હજારની મોપેડ મળી રૂ.65 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જ્યારે સુનિલ ઉર્ફે નાથાભાઈ (અલવા ગામ) ને વોન્ટેડ જાહેર કર્યો છે.

બીજી તરફ દશરથ ગામના ઈન્દીરાનગર વિસ્તારમાં નવદુર્ગા સોસાયટીમાં રહેતા કલ્પેશ બારીયા પોતાના ઘરે દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. ત્યારે સ્થળ પરથી રૂ.82 હજારના દારૂ અને એક મોબાઈલ સહિત રૂ.87 હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ કેસમાં અજય (ઉચાપાન, પંચમહાલ) ફરાર છે.

કપુરાઈ પોલીસે એસટી બસમાં વિદેશી દારૂની હેરાફેરી કરનારને ત્રણ મુસાફરોને ઝડપી પાડ્યા કપુરાઈ પોલીસને બાતમી મળી હતી કે, છોટાઉદેપુર-પાલનપુર બસમાંથી ત્રણ મુસાફરો થેલાઓમાં દારૂ લાવ્યા છે. જેથી પોલીસે થાવલી નારણ દલસિંગ તોમર, વિપુલ દલસિંગ તોમર અને અલ્કેશ મંગલા ટોકરીયાની ધરપકડ કરી તેઓ પાસેથી રૂ.44 હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

**વડોદરાવાસીઓ માટે ખુશખબર**

# સયાજીબાગની લોકપ્રિય 'જોય ટ્રેન' ધમધમતી થઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.24

વડોદરા શહેરના ઐતિહાસિક સયાજીબાગ (કમાટીબાગ) ખાતે આવતા નાગરિકો માટે એક અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી બંધ રહેલી બાળકો અને પરિવારોની મનપસંદ 'જોય ટ્રેન' સેવા આજના દિવસથી ફરીથી કાર્યરત કરવામાં આવી છે. સયાજીબાગની મુલાકાતે આવતા પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, વડોદરા મહાનગરપાલિકા દ્વારા આ ટ્રેન સેવામાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. ટ્રેકની આસપાસ સુરક્ષા માટે બેરીકેડિંગ કરવામાં આવ્યું છે, જેથી મુલાકાતીઓ, ખાસ કરીને બાળકો કોઈપણ જોખમ વિના આ રાઈડનો આનંદ માણી શકે. નવીન સલામતી ધોરણો અને સુવિધાઓના અમલીકરણ બાદ હવે આ ટ્રેન સેવા મુલાકાતીઓ માટે સંપૂર્ણપણે સુરક્ષિત અને સુખદ પ્રવાસનો અનુભવ પૂરો પાડશે. સયાજીબાગનું સૌથી મોટું આકર્ષણ ગણાતી આ જોય ટ્રેન બાળકોમાં અત્યંત લોકપ્રિય છે. પાલિકા દ્વારા આ સેવા ફરી શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ શહેરીજનો, ખાસ કરીને બાળકો અને પરિવારોને બાગમાં વધુ આનંદદાયક અનુભવ આપવાનો છે. વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગે શહેરના તમામ નાગરિકોને આ સુવિધાનો લાભ લેવા અને સયાજીબાગમાં પોતાના પરિવાર સાથે સુખદ ક્ષણો વિતાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે. આ જોય ટ્રેન સેવા આજ રોજ, તારીખ 24-04-2026 થી તેના નિયમિત સમયપત્રક મુજબ કાર્યરત રહેશે. તંત્ર દ્વારા મુલાકાતીઓને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે, ટ્રેન મુસાફરી દરમિયાન નિર્ધારિત સમય અને સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું. બાગની સ્વચ્છતા અને શિસ્ત જાળવવામાં વહીવટી તંત્રને સહયોગ આપવો.

**MSU ફાઈન આર્ટ્સનો એન્યુઅલ ડિગ્રી શો ખુલ્લો, ૪૦૦થી વધુ કૃતિઓ પ્રદર્શિત**



■ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ના ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં ગ્રેજ્યુએશનના ફાઈનલ યર અને માસ્ટર્સના સેકન્ડ યરના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલાં આર્ટવર્ક્સનો એન્યુઅલ ડિગ્રી શો જાહેર જનતા માટે ઓપન રાખવામાં આવ્યો હતો . આ પ્રદર્શન દરમિયાન સ્કલ્પચર, પેઇન્ટિંગ, ગ્રાફિક આર્ટ્સ, એપ્લાઇડ આર્ટ્સ અને મ્યુઝિયોલોજી સહિત ૬ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા ૪૦૦થી વધુ આર્ટવર્ક્સ પ્રદર્શન માટે મુકવામાં આવ્યા હતા વિદ્યાર્થીઓ પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આર્ટ પ્રેમીઓ માટે આ પ્રદર્શન એક વિશેષ આકર્ષણ બનશે, જેમાં તેમને વિવિધ શૈલીઓ અને વિચારધારાઓના ઉત્તમ નમૂના નિહાળવાનો મોકો મળશે.

# મકરપુરામાં બે યુવકના અપહરણનો ભેદ ઉકેલાયો, બે ઝડપાયા

વડોદરા : મકરપુરા ડેપો પાછળ આવેલી સરસ્વતી ટાઉનશીપમાં રહેતા નિલેશભાઈ ચૌહાણનો પુત્ર આદિત્ય (ઉ.વ. 20) તથા તેનો મિત્ર વિશાલ રોહિત (ઉ.વ. 25) ગત તા. 21 એપ્રિલના રોજ સાંજના સમયે ઘરમાં સાફ-સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન ચાર અજાણ્યા શખ્સો ત્યાં આવી અગાઉ આપેલા પૈસા પરત માંગવા મુદ્દે ઝઘડો કરી અર્ટિગા કારમાં બેસાડી અપહરણ કરી ફરાર થઈ ગયા હતા.મકરપુરા પોલીસ દ્વારા તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરતાં પ્રાંતિજ સુધી પહોંચી ગઈ અને ગણતરીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી આદિત્યને સુરક્ષિત છોડાવી પરિવારને સોંપ્યો. પોલીસે અપહરણ કરનાર સુરેશ કાળા વણકર (ઉ.વ. 55, પ્રાંતિજ) અને કુલદીપ હરજી ચૌધરી (ઉ.વ. 25, હાલ રહે. રાણીપ, અમદાવાદ) ને ઝડપી પાડ્યા છે, બે આરોપીઓ હજુ ફરાર છે. આરોપીઓ પાસેથી પોલીસે રૂ. 5.55 લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.

**બેહોશ કરી મોબાઇલ, રોકડ અને સોનાનું પેન્ડલ લઈને ફરાર**

# રેલવે સ્ટેશન પાસે યુવકને નશાયુક્ત ચા પીવડાવી રૂા. 53 હજારની લૂંટ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં મુસાફરી માટે આવેલા બિહારના યુવાન સાથે અજાણ્યા શખ્સે મિત્રતા કેળવી નશાકારક ચા પીવડાવી બેહોશ કરી નાખ્યો હતો. ત્યારબાદ તેની પાસેથી સોનાનો પેન્ડલ મોબાઈલ અને રોકડ મળી રૂ 53 હજારની મતા સામાન લઈ નાસી ગયો હતો. બિહારમાં રહેતા નિતિષકુમાર અશોકકુમાર યાદવ હાલમાં સાવલી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ખાતે જે.સી. બી. ડ્રાઈવર તરીકે કામ કરે છે. ગત તા.21 એપ્રિલના રોજ તેઓ પોતાના વતન જવા માટે વડોદરા રેલવે સ્ટેશન પર આવ્યા હતા. વહેલી સવારની ટ્રેન હોવાથી તેઓ સ્ટેશન બહાર ટ્રાફિક પોઈન્ટ પાસે બેસેલા હતા. ત્યારે એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવ્યો હતો. તે શખ્સે પોતાનું નામ "જય તિવારી" હોવા સાથે દિલ્હીથી આવ્યો હોવાનું કહ્યું હતુ અને ત્યારબાદ વાતચીત શરૂ કરી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં જમવા જવાના બહાને નિતિષકુમારને સાથે લઈ ગયો અને રસ્તામાં રૂમ પર જઈને ફ્રેશ થવાનું કહી સમજાવી શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી "ડીલક્સ" નામની હોટેલમાં રૂમ નં.10માં લઈ ગયો હતો. હોટેલમાં થોડો આરામ કર્યા બાદ બંનેએ બહાર જઈને ભોજન લીધું અને પરત રૂમમાં આવ્યા હતા.

ત્યારબાદ આરોપીએ ચા પીવાની વાત કરી બહાર જઈ ચા લાવ્યો હતો. આ ચા પીતા જ નિતિષકુમારને ઊંઘ આવવા લાગી અને તેઓ બેહોશ થઈ ગયા હતા. વહેલી સવારે તેઓ બેહોશ હાલતમાં રેલવે સ્ટેશન પાસે મળ્યા હતા, જ્યાંથી એક વ્યક્તિએ તેમને પોલીસ સ્ટેશન પહોંચાડ્યા હતા.

બાદમાં હોશમાં આવતા તેમણે તપાસ કરતા પોતાના ખિસ્સામાંથી મોબાઈલ રૂ.13 હજાર, રોકડ રૂ.5 હજાર અને ગળામાં પહેરેલું સોનાનું હનુમાનજી પેન્ડલ રૂ.35 હજાર ગાયબ હોવાનું જણાયું હતું. આ રીતે આરોપીએ જય તિવારીએ મિત્રતા કરી નશાકારક પદાર્થ પીવડાવી રૂ.53 હજારનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ભોગ બિહાર યુવાને હાલ સંપૂર્ણ ભાનમાં આવ્યા બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# પકડેલી ગાય ગૌપાલકો છોડાવી ગયા : ત્રણ સામે ગુનો નોંધાયો

વડોદરા: હરણી વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી દરમિયાન ગૌપાલકોએ પશુ છોડાવવા માટે ભારે હંગામો મચાવ્યો હતો. ઉપરાંત ઢોર પાર્ટીના કર્મચારીઓ સાથે મારામારી કરીને એક ગાય છોડાવી ત્રણ પશુપાલક ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ન્યુ મકરપુરા જાંબુવા રોડ પર આવેલી વ્રજધામ સોસાયટીમાં રહેતા ઉમેશ સુધાકર જોષી ઢોર પાર્ટીના અન્ય સ્ટાફ સાથે 23 એપ્રિલે સાંજના સમયે વૈકુંઠ-2 આમ્બાવાડી પાછળ ઢોર પકડવાની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન એક ગાય પકડતાં ગૌપાલક લાકડી લઈને આવ્યો અને તેની સાથે બે અજાણ્યા ગૌપાલકો દોડી આવ્યા હતા અને ગાળાગાળી અને હાથાપાઈ કરી સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરી હતી. આરોપીઓ ગાયને છોડાવી લઈ જતા ફરાર થઈ ગયા હતા. આ મામલે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે પશુપાલકો સામે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.

**લાલબાગ બ્રીજ પર એકટીવા ચાલકના મોબાઇલ-રોકડ લૂંટનો ભેદ ઉકેલાયો**

# શહેરમાં એકટીવા ચાલકને ટાર્ગેટ કરી લૂંટ ચલાવતી ટોળકી ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે લાલબાગ બ્રિજ નજીક ચાર શંકાસ્પદ શખ્સ ચોરીના વાહન સાથે ઉભા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રેડ કરી ચારેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ઝડતી કરાતા તેમની પાસે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી આવી હતી. મોબાઈલ અને રોકડ રકમ બાબતે સંતોષકારક જવાબ ન મળતા પોલીસે કડક પૂછપરછ હાથ ધરાઈ હતી.

દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે તા.22 એપ્રિલની રાત્રે લાલબાગ બ્રિજ પાસે એક એકટીવા ચાલકનો પીછો કરી તેને રોકી તેની પાસેનો મોબાઈલ ફોન અને રોકડ રકમ લૂંટી લીધી હતી.



લૂંટ બાદ આરોપીઓ મોપેડ પર ફરાર થઈ ગયા હતા અને લૂંટનો માલ પોતામાં વહેંચી લીધો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે લૂંટ માટે ઉપયોગમાં લેવાયેલી ડીઓ મોપેડ પણ ચોરીનો હતો, જે આરોપીઓએ અગાઉ મુજમહુડા વિસ્તારમાંથી ચોર્યો હતો. ઉપરાંત તેમની પાસેથી મળેલ સ્પ્લેન્ડર બાઈક પણ ગોરવા વિસ્તારમાંથી ચોરાયેલી હોવાનું સામે આવ્યું છે. બંને વાહનો પોલીસ દ્વારા કબજે કરાયા છે. પકડાયેલા આરોપીઓમાં અક્ષય ભાઈલાલ માળી (ઉ.વ.19), ગુરુ ઉર્ફે લાલો અંશુ મારવાડી (ઉ.વ.27), પ્રગ્નેશ ઉર્ફે સન્ની માળી (ઉ.વ.26) અને મનિષ ખુમાનસિંહ નિનામા (ઉ.વ.19)નો સમાવેશ થાય છે.

ચારેય આરોપીઓ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.1,920 રોકડ, ચાર મોબાઈલ તથા બે ચોરીના વાહનો મળી રૂ.56 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરી દરમિયાન અટલાદરા, ગોરવા અને જે.પી. રોડ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા લૂંટ અને વાહન ચોરીના ગુનાઓ પણ ડિટેક્ટ થયા છે.